ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૩૧/૨૩-૨૪/ 1442 તારીખ : 19 OCT 2023

**આર.પી.એ.ડી.**

કેસ નં.૩૧/૨૩-૨૪

પ્રતિ,
શ્રી મયુર એસ.શાહ,
કે/ઓ.વૈભવ પાન,
હોટલ સંતોષની બાજુમાં,
વાસી તળાવ, મહુવા,
જી.ભાવનગર-૩૬૪૨૯૦.

**મો.નં- ૯૮૭૯૪૬૧૬૨૯**

**વિષય :** નવું વિજ કનેકશન આપવા બાબત.

**સંદર્ભ :** (૧) આપનો પત્ર તા.૧૧/૦૮/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૭/૦૮/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૧/૨૩-૨૪/૧૨૪૪ તા.૨૧/૦૮/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૧/૨૩-૨૪/૧૩૧૯ તા.૧૧/૦૯/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૬/૦૯/૨૦૨૩ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

***.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.***

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, શહેર પેટા વિભાગીય કચેરી, મહુવા.

ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૩૧/૨૩–૨૪</u> ☜

વાદી :– શ્રી મયુરભાઈ એસ.શાહ,

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ <u>રજુઆતની તારીખઃ– તા.૨૬/૦૯/૨૦૨૩</u> ◈

**વાદી :– શ્રી મયુરભાઈ એસ.શાહ (પોતે)**

પ્રતિવાદી :– **શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા**
**શ્રી એમ.પી.ભુત, નાયબ ઈજનેર, શહેર પેટા વિભાગીય કચેરી, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી મયુરભાઈ એસ.શાહ, મું.મહુવા, જી. ભાવનગરની નવું વિજ કનેકશન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૩૧/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૧/૨૩–૨૪/૧૨૪૪ તા.૨૧/૦૮/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા <u>તા.૨૬/૦૯/૨૦૨૩</u> ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી મયુરભાઈ એસ.શાહ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા શ્રી એમ.પી.ભુત, નાયબ ઈજનેર, શહેર પેટા વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ <u>વાદીશ્રીની રજુઆતઃ</u>– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

**૧.૧ અમો શ્રી મયુર એસ શાહ અમારી જગ્યા રાજ રાજેશ્વર મંદિર પાસે (વિરાટ વાસણ ભંડાર સામે) આવેલ છે. દસ્તાવેજ રજી. નં–૨૬૧૫ તા.૧૮/૦૮/૨૦૧૭ થી ખરીદ કરેલ છે. જેની સીટી સર્વે નં–૩૮૮૯ છે. મહુવા નગરપાલીકાનો મિલ્કત વેરો હું ભરૂં છું.**

**૧.૨ ઈ.સ.૧૯૭૧ સાલમાં મહુવા નગરપાલીકામાં મિલ્કતવેરો ભરેલ છે અને દાખલામાં માલીક અને કબ્જેદાર બંને એક જ છે.**

**૧.૩ મહુવા નગરપાલીકાએ વર્ષ ૨૦૦૭–૦૮ માં મિલ્કતની આકારણી કરેલ છે. તેમાં પણ બંને એક વ્યકિત એ મિલ્કત માપણી ફોર્મે ૨૦૧૪–૧૫ માં સ્થળ તપાસમાં પણ બંને એક જ ની માલીકી છે.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૧.૪ તા.૧૭/૦૮/૨૦૧૭ થી સદર મિલ્કતની માલીકી ધરાવુ છું મારી મિલ્કતમાં શહેર ટાઉન વિભાગ દ્વારા અગાઉથી ભુપતભાઈ બાલુભાઈ માંડલીયાને કનેકશન આપેલ છે જેનો ગ્રાહક નં—૩૭૧૦૨/૦૫૪૫૧/૩ છે. મારે મારી જગ્યામાં વિજ કનેકશન જોઈતું હોય તો પણ પીજીવીસીએલ જણાવે છે કે એક જગ્યા પર બે કનેકશન ના આપી શકાય. જુનું કનેકશન ઉતારતા નથી અને નવું વિજ કનેકશન આપતા નથી પૂર્વ માલીક કે હાલના માલીકે કોઈ ભાડા કરાર કરેલ નથી. પહોંચમાં પણ માલીકે સહી કરેલ નથી. છતાં જુનુ વિજ કનેકશન ઉતારતા નથી આ બાબતે મને ન્યાય મળતો નથી. આપ સાહેબશ્રીને નમ્ર વિનંતી કે મને ન્યાય મળે.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :— ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૨.૧ અરજદારનું નામ— શ્રી મયુર એસ.શાહ

૨.૨ વાદી શ્રી મયુર એસ.શાહ તેઓની અરજીમાં જણાવે છે કે, તેઓની મિલ્કત રાજ રાજેશ્વર મંદિર પાસે (વિરાટ વાસણ ભંડાર સામે) આવેલ છે. જે દસ્તાવેજ રજી. નં—૨૬૧૫ તા.૧૮/૦૮/૨૦૧૭ થી ખરીદ કરેલ છે અને જેનો સીટી સર્વે નં—૩૮૮૯ છે.

૨.૩ સદર જગ્યા પર હાલમાં ભુપતભાઈ બાલુભાઈ માંડલીયા વિજ કનેકશન ધરાવે છે. જેનો ગ્રાહક નં— ૩૭૧૦૨/૦૫૪૫૧/૩, કેટેગરી— NRGP, લોડ—૦.૫ છે. સદર કનેકશન તા.૦૮/૦૧/૨૦૦૮ ના રોજ રીલીઝ કરેલ છે.

૨.૪ સદર કનેકશન ૨૦૦૮ રીલીઝ કરેલ છે. અને બહુ જુનું કનેકશન હોવાથી સદર કનેકશનના કોઈ ડોકયુમેન્ટ ઉપલબ્ધ નથી પરંતુ, જે તે સમયે નિભાવવામાં આવતા E-7 રજીસ્ટરની કોપી સામેલ છે. જેમાં, ભુપતભાઈ બાલુભાઈ માંડલીયા નામે કનેકશન આપેલ છે. જેમાં સરનામું કેબીન ચોક, વાછડાવીર સામે, જૈન દેરાસર પાસે ટેઈલરની દુકાન છે.

૨.૫ વાદીશ્રી મયુર એસ શાહ દ્વારા તા.૦૩/૦૫/૨૦૨૩ ના રોજ ભુપતભાઈ બાલુભાઈ માંડલીયા, નં— ૩૭૧૦૨/૦૫૪૫૧/૩ વિજ કનેકશન ઉતારી અને રદ કરવા બાબતે મહુવા ટાઉન પેટા વિભાગીય કચેરીમાં અરજી કરેલ હતી. જે અનુસંધાને મહુવા ટાઉન પેટા વિભાગીય કચેરી દ્વારા તા. ૬/૬/૨૦૨૩ ના રોજ ભુપતભાઈ બાલુભાઈ માંડલીયાને સદર વિજ કનેકશનની જગ્યાના જરૂરી માલીકી આધાર પુરાવા રજૂ કરવા જણાવેલ.

૨.૬ જે અનુસંધાને ભુપતભાઈ બાલુભાઈ માંડલીયા ના પુત્ર ચેતનભાઈ ભુપતભાઈ માંડલીયા દ્વારા તા.૧૫/૦૬/૨૦૨૩ ના રોજ જવાબ રજૂ કરેલ છે. જેમાં સદર વિજ કનેકશન જે જગ્યા પર આપેલ છે તે જગ્યા પર મહુવા નગરપાલીકા દ્વારા બાલુભાઈ પોપટભાઈ દરજીને રજીસ્ટ્રેશન નં— ૭૯૪ તા.૧૫/૦૭/૧૯૫૫ ના રોજ વાદગ્રસ્ત દુકાનમાં લાઈસન્સ ઈસ્યુ કરેલ છે. તેમજ સદર વાદગ્રસ્ત

P.G.V.C.L. Bhavnagar. Redressal Forum

દુકાનમાં ભુપતભાઈ બાલુભાઈ માંડલીયાને બોમ્બે શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ ગુજરાત એક્સટેન્શન એન્ડ એમેન્ડમેન્ટ એકટ–૧૯૬૧ હેઠળ લાઈસન્સ સને ૧૯૯૪ ની સાલથી ઈસ્યુ કરેલ છે.

૨.૭ વધુમાં, સદર જગ્યાના પુરોગામી માલીક રમણીકલાલ સોમચંદ શાહ દ્વારા વસુલ કરેલ ભાડા અંગેની પહોંચ સામેલ છે.

૨.૮ મયુર એસ.શાહની તા.૦૩/૦૫/૨૦૨૩ અરજી, મહુવા ટાઉન પેટા વિભાગીય કચેરી દ્વારા તા. ૬/૬/૨૦૨૩ ના રોજ પત્ર, ચેતનભાઈ ભુપતભાઈ માંડલીયા દ્વારા તા.૧૫/૦૬/૨૦૨૩ ના રોજ જવાબ જે તમામની નકલ આ સાથે સામેલ છે.

૨.૯ ઉપરોક્ત તમામ પત્રોના અભ્યાસ કરતા એમ કહી શકાય કે સદર વાદગ્રસ્ત જગ્યા પર જે તે સમયે ભુપતભાઈ બાલુભાઈ ંડલીયા ભાડુઆત તરીકે હતા હાલમાં સદર જગ્યા પર તેમના પુત્ર અનિલભાઈ અને ચેતનભાઈ દરજીનું કામ કરે છે.

૨.૧૦ તેમજ વધુમાં એક જ સર્વે નંબર પર એકથી વધુ કનેકશન આપી શકાય નહી તેમજ વાદીની અરજીના અનુસંધાને નાયબ ઈજનેરશ્રી, પેટા વિભાગીય કચેરી મહુવા શહેર દ્વારા ભુપતભાઈ બાલુભાઈ માંડલીયાના વિજ કનેકશનનું સ્થળ રોજકામ કરેલ છે જે આ સાથે સામેલ છે.

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી શ્રી મયુર એસ.શાહ, મહુવા દ્વારા તેમની મહુવા સ્થીત જગ્યા પર પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા નવું વિજ કનેકશન ન આપવાની બાબતે તકરાર થતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ ફોરમ દ્વારા વાદીની રજૂઆતની રૂબરૂ સુનાવણી માટે આજરોજ તા.૨૬.૦૯.૨૦૨૩ ના રોજ બન્ને પક્ષકારો ને રૂબરૂ બોલાવવામાં આવેલ. જેમાં, બંને પક્ષકારોએ ઉપસ્થિત રહી તેમની રજૂઆત અને રેકર્ડ રજૂ કરેલ છે.

૩.૩ પ્રસ્તુત કેસમાં રજૂ થયેલ રેકર્ડ ને ધ્યાને લેતા જણાય છે કે, અરજદારશ્રી મયુર એસ. શાહ દ્વારા તા.૧૮/૦૮/૨૦૧૭ થી ખરીદ કરવામાં આવેલ જગ્યા નો સીટી સર્વે નં–૩૮૮૯ છે. તે જગ્યા પર હાલ એક વિજ કનેકશન નં–૩૭૧૦૨/૦૫૪૫૧/૩ NRGP કેટેગરી નું ૦.૫ લોડનું હયાત છે. જે કનેકશન તા.૦૮/૦૧/૨૦૦૮ થી રીલીઝ કરેલ છે અને તે શ્રી ભુપતભાઈ બાલુભાઈ માંડલીયા તે વિજ કનેકશન ધરાવે છે.

શ્રી મયુરભાઈ એસ.શાહ દ્વારા સદરહુ મીલકત ખરીદયા બાદ વિવાદ વાળા વિજ કનેકશન ના નામ ફેરફાર ની પ્રક્રિયા કરવામાં આવેલ નથી. અને હાલ તે જગ્યા પર એક જ કનેકશન હયાત હોવાથી પ્રતિવાદી દ્વારા બીજું કનેકશન આપી શકાય નહી, તદ્ઉપરાંત પ્ર.વા. દ્વારા મિલકત ને લઈને અરજદાર અને કબજેદાર વચ્ચે કોર્ટ મેટર ચાલતી હોવાનું પણ જણાવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૩.૪ આ તબકકે ફોરમ દ્વારા સુનાવણી દરમ્યાન વાદીને હાલના જગ્યા અને વિજ કનેકશન નામ ટ્રાન્સફર અંગેની સમજણ આપેલ છે , અને પ્રતિવાદીએ જી.ઈ.આર.સી નોટીફીકેશન ન. ૪/૨૦૧૫ ના ક્લોઝ ન. ૪.૭૧ મુજબના ડોક્યુમેન્ટ્સ મેળવી કાર્યવાહી કરાવવા અંગે જણાવવામાં આવેલ.

## —:: હુકમ ::—

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન—૩, ત્રીજો માળ, બ્લોક નં—૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ—૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ. મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(શ્રી જે.એ.ગોસાઈ)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :— ૨૬/૦૯/૨૦૨૩.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.